# કમિશ્નરેટ ઓફ ટેકનિકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય

# એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ કોર્ષિસ [ACPC]

એલ. ડી. કૉલેજ ઓફ એન્જિ. કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૫.

## ધો. ૧૨ (વિ.પ્ર.) પછીનાં ડિગ્રી એન્જિનીયરીંગ અભ્યાસક્રમોમાં ઓનલાઈન પ્રવેશ કાર્યક્રમ: વર્ષ ૨૦૨૩-૨૪

ધોરણ ૧૨ (વિજ્ઞાન પ્રવાહ) પછીનાં ડિગ્રી એન્જિનીયરીંગ અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં પ્રથમ વર્ષ પ્રવેશ માટે લાયકાત ધરાવતા ઉમેદવારો માટે વેબ આધારિત ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવેલ છે.

જે અન્વયે ઉપલબ્ધ બેઠકોમાં સરકારની અને અનુદાનિત સંસ્થાની તમામ બેઠકો, સ્વનિર્ભર સંસ્થાની માન્ય બેઠકોની ૫૦% બેઠકો સાથે મેનેજમેન્ટ બેઠકોની સુપ્રત કરેલ બેઠકો તથા સરકારશ્રી દ્વારા જાહેર કરાયેલ સેન્ટર ઓફ એક્સેલેન્સની ૩૩% બેઠકો સાથે સુપ્રત કરેલ બેઠકોનો સમાવેશ થાય છે. પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા માટે ઈન્ટરનેટ દ્વારા ઓનલાઈન રજિસ્ટ્રેશન ફરજીયાત છે. ઈન્ટરનેટ સુવિધા ન ધરાવતા ઉમેદવાર કોઈપણ ચાર્જ ભર્યા વિના પ્રવેશ સમિતિ દ્વારા નિયુક્ત સાઈબર સ્પેસ સેન્ટર્સ (સુચિ વેબસાઈટ પર ઉપલબ્ધ છે) પર રજિસ્ટ્રેશનની સુવિધા મેળવી શકશે.

**પ્રવેશની લાયકાતઃ**

અ] **સરકારી તથા અનુદાનિત સંસ્થાઓની માન્ય બેઠકોની ૯૫% બેઠકો અને સ્વનિર્ભર સંસ્થાઓની ૫૦% બેઠકો માટે :** પ્રવેશના નિયમોમાં ઉલ્લેખિત ગુજરાત રાજ્ય સ્થિત શાળાઓમાંથી અથવા ઉલ્લેખિત અન્ય જોગવાઈ સાથે લઘુત્તમ લાયકાત સાથે ધોરણ-૧૨ની પરિક્ષા પાસ કરેલ હોય અને ગુજકેટ-૨૦૨૩ની પરિક્ષામાં ઉપસ્થિત થયેલ હોય તેવા તમામ ઉમેદવારો ઉપરોક્ત બેઠકો માટે લાયક રહેશે.

બ] **સરકારી તથા અનુદાનિત સંસ્થાઓની માન્ય બેઠકોની ૫% બેઠકો માટે :** પ્રવેશના નિયમોમાં ઉલ્લેખિત સમગ્ર દેશમાં (ગુજરાત રાજ્ય સહિત) સ્થિત શાળાઓમાંથી લઘુત્તમ લાયકાત સાથે ધોરણ-૧૨ની પરિક્ષા પાસ કરેલ હોય અને જેઈઈ (મેઈન)-૨૦૨૩ની પરિક્ષામાં ઉપસ્થિત થયેલ હોય તેવા તમામ ઉમેદવારો ઉપરોક્ત બેઠકો માટે લાયક રહેશે.

ક] **સેન્ટર ઓફ એક્સેલન્સની સરકારી બેઠકો માટે :** પ્રવેશના નિયમોમાં ઉલ્લેખિત અન્ય પાત્રતાના માપદંડોને અનુરુપ ગુજરાત રાજ્યમાં સ્થિત શાળાઓમાંથી નીચે જણાવ્યા મુજબ લઘુત્તમ લાયકાત પ્રાપ્ત કરેલ હોય અને સંબંધિત પ્રવેશ પરિક્ષામાં હાજર રહેલ હોય તેવા તમામ ઉમેદવારો ઉપરોક્ત બેઠકો માટે લાયક રહેશે.

| **લઘુત્તમ લાયકાત અને મેરીટની જોગવાઈ** | | |
|---|---|---|
| લઘુત્તમ લાયકાત | ઉમેદવારે AICTE દ્વારા નિર્ધારિત અને સરકાર દ્વારા સુચિત વિષયોમાં ઓછામાં ઓછા ૪૫% (અનામત કક્ષાના વિદ્યાર્થીઓ માટે ૪૦%) ધરાવતી HSC પરિક્ષા પાસ કરેલ હોવી જોઈએ. તેની વિગતો **www.jacpcldce.ac.in** અથવા **www.acpc.gujarat.gov.in** પર ઉપલબ્ધ છે. | |
| મેરીટની જોગવાઈ | **સરકારી તથા અનુદાનિત સંસ્થાઓની ૯૫% અને સ્વનિર્ભર સંસ્થાઓની ૫૦% બેઠકો** | ભૌતિકશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર સાથે રસાયણશાસ્ત્ર/જીવવિજ્ઞાન (સંબંધિત લાયકી અભ્યાસક્રમોમાં) બોર્ડનાં થીયરી પર્સેન્ટાઈલના ૫૦% અને સંબંધિત વિષયોની ગુજસેટની પરિક્ષાના પર્સેન્ટાઈલના ૫૦% પર મેરીટ બનાવાશે. |
| | **સરકારી તથા અનુદાનિત સંસ્થાઓની ૦૫% બેઠકો** | JEE (Main) 2023ના ઓલ ઈન્ડિયા રેન્ક પર મેરીટ બનાવવામાં આવશે. |

વધુ વિગતો માટે સમિતિની વેબસાઈટ પર ઉપલબ્ધ ગુજરાત સરકાર દ્વારા સમયાંતરે પ્રસિધ્ધ કરવામાં આવતા પ્રવેશના નિયમોનો સંદર્ભ લેવો અનિવાર્ય છે.

ઉપરોક્ત જોગવાઈઓ [અ], [બ] અને [ક]ના માપદંડ ધરાવતા ઉમેદવારો ફક્ત એક જ રજિસ્ટ્રેશનથી તમામ પ્રકારની બેઠકો પર અરજી કરી શકશે.

**રજિસ્ટ્રેશનની પ્રક્રિયાઃ**

- ઓનલાઈન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા તા.૦૨/૦૫/૨૦૨૩ના રોજ બપોરે ૦૨:૦૦ વાગ્યાથી શરૂ થશે.
- ઓનલાઈન રજિસ્ટ્રેશન અને તેની રજિસ્ટ્રેશન ફી ભરવાની છેલ્લી તારીખ ૨૨/૦૫/૨૦૨૩ (સાંજે ૦૫:૦૦ કલાકે) રહેશે.
- ઉમેદવારે સંબંધિત ડોક્યુમેન્ટ અપલોડ કરીને રજિસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે અને રજિસ્ટ્રેશન ફી રૂ.૩૫૦/- (નોન રિફંડેબલ) ઓનલાઈન મોડ દ્વારા ચૂકવવાની રહેશે.
- ઉમેદવારે કોઈપણ ડોક્યુમેન્ટ રૂબરૂ આપવાની અથવા તેની રૂબરૂ ચકાસણી કરાવવા જવાની જરૂર નથી. પ્રવેશ માટેની સંપૂર્ણ પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન છે.
- ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે પ્રવેશ સમિતિની વેબસાઈટ અને લોગ-ઈન પોર્ટલ દ્વારા વિવિધ માહિતીઓ, ડોક્યુમેન્ટ ચકાસણી પ્રક્રિયા અને અન્ય માર્ગદર્શિકા સંબંધિત જાણકારી માટે રોજ મુલાકાત લેશો.

| **પ્રવેશ પ્રક્રિયા માટે ACPC દ્વારા ઓનલાઈન સુવિધાઓ** | |
|---|---|
| **સુવિધાનો પ્રકાર** | **ઉપલબ્ધ પ્રવૃતિઓ** |
| વેબસાઈટ: **gujacpc.admissions.nic.in** | ઓનલાઈન રજિસ્ટ્રેશન, રજિસ્ટ્રેશન ફીની ચુકવણી |
| | સંસ્થા અને અભ્યાસક્રમની ચોઈસ ફીલીંગ |
| | ફાળવણીનું પરિણામ, પ્રવેશ કાયમ કરવો અથવા રદ કરવો (જો જરૂર લાગે તો) |
| | પ્રવેશ કાયમ કરવા માટે ટોકન ટ્યુશન ફીની ચુકવણી |
| વેબસાઈટ : **www.acpc.gujarat.gov.in** **www.jacpcldce.ac.in** | સૂચનાઓ, લાયકાત અને મેરિટ તૈયાર કરવાના નિયમો, જાહેરખબરો અને તમામ પ્રકારની જાહેરાતો તથા સમગ્ર પ્રવેશ પ્રક્રિયાને લગતાં સુધારા-વધારા, ઈ-બુકલેટ, વગેરે. |
| | સંસ્થાઓની યાદી તથા ઉપલબ્ધ અભ્યાસક્રમો |
| | નિયુક્ત સાયબર સ્પેસ સેન્ટર્સની યાદી |
| | પ્રવેશનું સમયપત્રક, કોમન મેરિટ લિસ્ટ, કટ-ઓફ માર્ક્સ અને અન્ય સુવિધાઓ |
| **નિયુક્ત સાયબર સ્પેસ સેન્ટર્સ (તમામ કામકાજના દિવસો માટે સવારે ૧૧થી સાંજે ૫ વાગ્યા સુધીનો સમય)** | પ્રવેશ પ્રક્રિયા માટે વિના મુલ્યે ઓનલાઈન સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા તથા પ્રવેશ પ્રક્રિયાને લગતા કોઈપણ પ્રશ્નો માટે |
| **૨૪x૭ સમયની હેલ્પલાઈન** | ૦૭૯-૨૬૫૬૬૦૦૦ પ્રવેશ પ્રક્રિયાને લગતા કોઈપણ પ્રશ્નો માટે |
| **સમિતિની ઉપર દર્શાવ્યા સિવાયની અન્ય કોઈ વેબસાઈટ નથી** | |

**નોંધઃ** તમામ ઈચ્છુક ઉમેદવારો અને તેમના વાલીઓને સલાહ આપવામાં આવે છે કે પ્રવેશ પ્રક્રિયા અંગેની તમામ નવીનતમ માહિતી અને અપડેટ્સ માટે સમયાંતરે **ACPC**ની ઉપરોક્ત વેબસાઈટ્સ તપાસો.

તા.૦૨/૦૫/૨૦૨૩.

- મેમ્બર સેક્રેટરી

**હેલ્પ લાઈન નંબર : ૦૭૯-૨૬૫૬૬૦૦૦**